# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-04-2026** **Evening : 7.10 to 7.20 pm**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગિની સોનારા** વાંચે છે.

---

1) રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ અને LPGનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાથી નાગરિકોએ ગભરાવવાની જરૂર નહીં – ઓઇલ કંપનીઓની અપીલ
2) **રાજ્યમાં રાસાયણિક ખાતર, બિયારણ અને જંતુનાશક દવાઓનો જથ્થો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ હોવાની સરકારે ખેડૂતોને ખાતરી આપી.**
3) **સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી માટે આજથી ઉમેદવારીપત્ર ભરાવવાનો પ્રારંભ.**
4) રાજ્યના કેટલાક જિલ્લામાં આવતીકાલે કમોસમી વરસાદની આગાહી.
5) **અમદાવાદમાં યોજાયેલી રાષ્ટ્રીયકક્ષાની સ્વિમિંગ સ્પર્ધામાં વડોદરાના ખેલાડી અરૂષ લાંજવારે પાંચ ચંદ્રક જીત્યા.**

------------------------------------

(સમાચારને અંતે)
(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# STATE LPG SUPPLY

પશ્ચિમ એશિયાના વર્તમાન ઘટનાક્રમો વચ્ચે રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ અને LPGનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને નાગરિકોએ ગભરાવવાની જરૂર નથી.

અમદાવાદમાં આજે પ્રેસ ઇન્ફર્મેશન બ્યુરો ખાતે યોજાયેલી એક સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશનના કાર્યકારી નિદેશક સંજીવ બેહરાએ નાગરિકોને ગભરાટમાં આવીને ખરીદી કરવાથી દૂર રહેવા અપીલ કરી હતી. તેમણે કહ્યું કે હાલ ઘરેલુ માગણીઓને પ્રાથમિકતા અપાઈ છે અને વાણિજ્યિક એટલે કે કમર્શિયલ LPGનો પુરવઠો યુદ્ધ પહેલાની સ્થિતિની સરખામણીએ 70 ટકા જેટલો પૂર્વવત્ કરી દેવાયો છે.

<u>BYTE : SANJIV BEHRA EXECUTIVE DIRECTOR INDIAN OIL CORPORATION</u>

ઈંધણની સંગ્રહખોરી અને કાળાબજાર રોકવા સરકાર કડક પગલાં લઈ રહી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. શ્રી બેહરાએ કહ્યું કે, અત્યાર સુધીમાં 2 હજાર 400થી વધુ સ્થળોએ દરોડા પાડીને 215 સિલિન્ડર જપ્ત કરાયા તેમજ ગેરરીતિ બદલ કડક કાર્યવાહી કરવામાં આવી છે.

પત્રકાર પરિષદને સંબોધતા રાજ્ય સરકારના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના સંયુક્ત નિયામક ચેતન ગાંધીએ જણાવ્યું કે, LPG ગ્રાહકોની સુવિધા માટે રાજ્ય સરકારે હેલ્પલાઇન નંબર 1800-233-0222 શરૂ કર્યો છે, જેના પર મળેલી 11 હજારથી વધુ ફરિયાદોનું નિવારણ કરાયું છે.

<u>BYTE : CHETAN GANDHI</u>

# FERTILIZER QUANTITY IN STATE

ચાલુ ઉનાળુ મોસમ અને આગામી ખરીફ ઋતુ માટે રાજ્યમાં રાસાયણિક ખાતર, બિયારણ અને જંતુનાશક દવાઓનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. કૃષિ વિભાગમાં સોઈલ કન્ઝર્વેશનના અધિક નિયામક નીતિન શુક્લાએ અમદાવાદમાં પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું, રાજ્યમાં હાલ એક લાખ 87 હજાર મેટ્રિક ટન યુરિયા, 45 હજાર મેટ્રિક ટન DAP અને એક લાખ 80 હજાર મેટ્રિક ટન NPK ખાતર ઉપલબ્ધ છે.

શ્રી શુક્લાએ આકાશવાણી સાથે વાત કરતાં કહ્યું, પરંપરાગત ખાતરોની સાથેસાથે આધુનિક ખેતી માટે નેનો યુરિયા અને નેનો D.A.P. પણ વિપુલ માત્રામાં ઉપલબ્ધ છે, જે ખેડૂતોને સમયસર મળી રહેશે.

**(BYTE: NITIN SHUKLA)**

તેમણે વધુમાં કહ્યું કે, સ્પેશિયલ સ્ક્વૉડ દ્વારા એપ્રિલ મહિનામાં 14 જિલ્લામાં 400થી વધુ છૂટક અને ટેકનિકલ ગ્રેડ યુરિયા એકમની તપાસ કરી સબસિડીવાળા ખાતરના વેચાણની ચકાસણી કરવામાં આવી, જેમાં અનિયમિતતાઓને ધ્યાને લઇ કુલ 149 વિક્રેતાઓને નોટિસ અપાઈ છે.

# ELECTIONS NOTIFICATION

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટેનું જાહેરનામું પ્રસિદ્ધ થતાં આજથી રાજ્યભરમાં ઉમેદવારીપત્ર ભરાવવાનું શરૂ થયું. ઉમેદવારો આગામી 11 તારીખ સુધી ઉમેદવારી નોંધાવી શકશે. જ્યારે 13 તારીખે ઉમેદવારીપત્રોની ચકાસણી અને 15 તારીખ સુધી ઉમેદવારી પરત ખેંચી શકાશે.

ઉલ્લેખનીય છે કે, આગામી 26 એપ્રિલે 15 મહાનગરપાલિકા, 84 નગરપાલિકા, 34 જિલ્લા પંચાયત અને 260 તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી તથા 11 નગરપાલિકાની પેટા-ચૂંટણી યોજાશે. જ્યારે 28 એપ્રિલે મતગણતરી હાથ ધરાશે.

# POLITICAL NEWS

રાજ્યમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી અને આણંદની ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટા-ચૂંટણીને લઈ રાજકીય પક્ષોએ પ્રચાર તેજ કર્યો છે. સાથે જ રાજકીય આક્ષેપ-પ્રતિઆક્ષેપનો દોર પણ શરૂ થઈ ગયો છે.

ગાંધીનગરમાં આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પત્રકાર પરિષદ યોજી કેરળમાં કૉંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ ગુજરાત અંગે કરેલી ટિપ્પણીની આકરી ટીકા કરી. શ્રી સંઘવીએ કૉંગ્રેસના આ નિવેદનને નિરાશાજનક અને રાજ્યના લોકોની ભાવનાને ઠેસ પહોંચાડનારું ગણાવ્યું હતું.

બીજી તરફ, કૉંગ્રેસ તરફથી આજે ભૃગુરાજસિંહ ચૌહાણે પક્ષના વરિષ્ઠ નેતાઓની ઉપસ્થિતિમાં ઉમરેઠ બેઠક માટે ઉમેદવારી નોંધાવી.

તો, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ ભાજપ, કૉંગ્રેસ અને આમ આદમી પાર્ટી સહિતના રાજકીય પક્ષે તૈયારી હાથ ધરી છે. આમ આદમી પાર્ટીએ અત્યાર સુધી 5 હજાર જેટલા અને કૉંગ્રેસે 243 જેટલા ઉમેદવારોની યાદી જાહેર કરી છે. જ્યારે ભાજપ આગામી સમયમાં ઉમેદવારોની યાદી જાહેર કરશે

# STATE CONG MENIFESTO

ગુજરાત કોંગ્રેસ દ્વારા અમદાવાદ, ભાવનગર, સુરત અને રાજકોટ મહાનગરપાલિકા માટે "કોંગ્રેસનું કમિટમેન્ટ" નામે ચૂંટણી ઢંઢેરો જાહેર કરાયો છે. તેમાં કોંગ્રેસ દ્વારા રોડ-રસ્તા, પાણી, આરોગ્ય સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનું વચન આપ્યું છે.

# BVR POLITICAL UPDATE

ભાવનગરમાં આજે બપોરે કોંગ્રેસમાં જોડાયેલાં વડવા ‘બ’ વોર્ડના પૂર્વ કોર્પોરેટર સેજલ ગોહેલ ફરી ભાજપમાં જોડાયાં. આ સાથે જ સ્થાનિક રાજકારણ ગરમાયું હતું.

# KUTCH LOCAL ELECTIONS

કચ્છમાં મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા અને તાલુકા પંચાયતની 488 બેઠક માટે આગામી 26 તારીખે મતદાન થશે. જિલ્લામાં 14 લાખ 50 હજારથી વધુ મતદાર તેમના મતાધિકારનો ઉપયોગ કરશે. જિલ્લા ચૂંટણી અધિકારી આનંદ પટેલે કહ્યું, ચૂંટણીમાં એક હજાર 896 જેટલા મથક પર 10 હજારથી વધુ કર્મચારી ફરજ બજાવશે.

**(BYTE: ANAND PATEL, COLLECTOR, KACHCHH)**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

DESK

# SRT ELECTION OFFICERS

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા સુરતમાં બારડોલી, કડોદરા, માંડવી અને તરસાડી માટે ચૂંટણી અધિકારી તથા મદદનીશ ચૂંટણી અધિકારીની નિમણૂક કરવામાં આવી છે. આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની પ્રક્રિયાને વ્યવસ્થિત અને પારદર્શક રીતે પૂર્ણ કરવાના હેતુસર આ નિમણૂક કરવામાં આવી હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

# EVE WEATHER UPDATE

રાજ્યના કેટલાક જિલ્લામાં આવતીકાલે કમોસમી વરસાદની આગાહી છે. હવામાન વિભાગના પ્રાદેશિક નિયામક એ. કે. દાસે કહ્યું, રાજ્યમાં પશ્ચિમી વિક્ષેપ પ્રણાલી સક્રિય થતાં આવતીકાલે કેટલાક જિલ્લામાં વરસાદનું યલો અલર્ટ અપાયું છે. આ સાથે જ આગામી બે દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે.

**(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)**

દરમિયાન રાજ્યમાં ગરમીનો પારો 35 ડિગ્રી સેલ્સિયસને પાર પહોંચ્યો છે. ગત 24 કલાકમાં સૌથી વધુ 36.3 ડિગ્રી સેલ્સિયસ તાપમાન રાજકોટમાં અને 34.5 ડિગ્રી સેલ્સિયસ તાપમાન ગાંધીનગરમાં નોંધાયું છે.

# DEATH IN STATE

રાજ્યમાં ગત 24 કલાકમાં માર્ગ અકસ્માત સહિતની વિવિધ ઘટનામાં છ લોકોના મોત થયાના અહેવાલ છે. અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં ખાદ્યસામગ્રીની આડ-અસરથી બે બાળકીના મોત થયા છે. જ્યારે દંપતીની હાલત ગંભીર હોવાનું જણાયું છે. આ અંગે ખાદ્યસામગ્રીની ગુણવત્તા અને કારણ અંગે વધુ તપાસ હાથ ધરાઈ હોવાનું ચાંદખેડાના પોલીસ ઇન્સ્પેક્ટર જે. કે. મકવાણાએ જણાવ્યું.

**(BYTE: J. K. MAKWANA, PI, CHANDKHEDA POLICE STATION)**

બીજી તરફ, પોરબંદરમાં રાણાવાવ તરફ જતા બે બાઈકચાલક વચ્ચે ટક્કર થતાં ચાર યુવકના મોત થયા, જ્યારે ઇજાગ્રસ્ત એક યુવક સારવાર હેઠળ છે. પોલીસે આ અંગે અકસ્માતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# VDR PLAYER RECORD

વડોદરાના ખેલાડી અરૂષ લાંજવારે સ્વિમિંગમાં નવો રાષ્ટ્રીય વિક્રમ સર્જ્યો છે. અમદાવાદમાં તાજેતરમાં યોજાયેલી 27-મી નેશનલ ડેફ સિનિયર સ્વિમિંગ સ્પર્ધામાં અરૂષ લાંજવારે 100 મીટર બટરફ્લાય ઇવેન્ટમાં સુવર્ણ ચંદ્રક જીતીને આ વિક્રમ બનાવ્યો.

સાથે જ તેમણે 50 મીટર ફ્રી-સ્ટાઈલ, 50 મીટર બટરફ્લાય અને 100 મીટર ફ્રી-સ્ટાઇલમાં રજત ચંદ્રક તથા 200 મીટર વ્યક્તિગત શ્રેણીમાં કાંસ્ય ચંદ્રક જીત્યા છે. અખિલ ભારતીય મૂક-બધિર રમતગમત પરિષદ દ્વારા યોજાયેલી આ સ્પર્ધામાં વડોદરાના સમા ઇન્ડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં અભ્યાસ કરતા અરૂષ લાંજવારે ગુજરાતની પ્રતિનિધિત્વ કરી આ સિદ્ધિ મેળવી છે.